# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 13-04-2026** **EVENING: 7.50 TO 8.00 PM**
**Day : MONDAY** **National News**

## આકાશવાણી સમાચાર રીટા દવે વાંચે છે.

***************************************************

1) પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું છે કે ભારતની મહિલા શક્તિ તેની મજબૂત હિંમત, આત્મવિશ્વાસ અને સખત મહેનતના બળ પર સતત નવી ઊંચાઈઓ પર પહોંચી રહી છે.
2) રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ રાજકોટ **ઍઇમ્સના** પદવીદાન સમારોહને સંબોધતાં ભવિષ્યના તબીબોને આરોગ્ય ક્ષેત્રમાં ટેકનોલોજીકલ પ્રગતિને સ્વીકારવા હાકલ કરી.
3) સરકાર ઘરેલુ ઉપયોગ માટે LPGનો 100 ટકા પુરવઠો સુનિશ્ચિત કરી રહી છે.
4) પશ્ચિમ બંગાળ અને તમિલનાડુમાં વિધાનસભા ચૂંટણી માટે પ્રચાર તેજ બન્યો.
5) પશ્ચિમ બંગાળમાં SIR અભિયાન દરમિયાન મતદાર યાદીમાંથી નામો કાઢી નાખવાને પડકારતી અરજીને સર્વોચ્ચ અદાલતે ફગાવી દીધી.
6) IPL ક્રિકેટમાં, હૈદરાબાદમાં આજે રાજસ્થાન રોયલ્સ અને સનરાઇઝર્સ હૈદરાબાદ સામે મુકાબલો.

……………………………………………………

સમાચારને અંતે (આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

(હવે પછી આપ આવતીકાલે સવારે 7 વાગીને 10 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો

# PM – WOMEN'S POWER

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું છે કે ભારતની મહિલા શક્તિ તેની મજબૂત હિંમત, આત્મવિશ્વાસ અને સખત મહેનતના બળ પર સતત નવી ઊંચાઈઓ પર પહોંચી રહી છે. આજે નવી દિલ્હીમાં નારી શક્તિ વંદન સંમેલનને સંબોધતા શ્રી મોદીએ કહ્યું કે ભારત 21મી સદીમાં મહિલા સશક્તિકરણ માટે સમર્પિત એક મોટો નિર્ણય લેવા જઈ રહ્યું છે. સંસદ ભૂતકાળ અને ભવિષ્યની આકાંક્ષાઓને પૂર્ણ કરીને એક નવો ઇતિહાસ રચવા જઈ રહી છે.

(BYTE - PM ON WOMEN'S POWER)

પ્રધાનમંત્રીએ કહ્યું કે લોકશાહીમાં મહિલા અનામત આવશ્યક છે. મહિલાઓની ભાગીદારી લોકશાહીને મજબૂત બનાવે છે. પંચાયતી રાજ સંસ્થાઓ મહિલા નેતૃત્વનું ઉત્તમ ઉદાહરણ છે. હાલમાં, 14 લાખથી વધુ મહિલાઓ સ્થાનિક જાહેર સંસ્થાઓમાં સેવા આપી રહી છે.

(BYTE : PM WOMEN – LED PANCHAYATI RAJ)

મહિલા અને બાળ વિકાસમંત્રી અન્નપૂર્ણા દેવીએ જણાવ્યું હતું કે નારી શક્તિ વંદન કાયદો મહિલા સશક્તિકરણ, આત્મસન્માન અને લોકશાહી ભાગીદારીને સુનિશ્ચિત કરે છે.

આ પ્રસંગે, દિલ્હીના મુખ્યમંત્રી રેખા ગુપ્તાએ કહ્યું કે પ્રધાનમંત્રી મોદીએ મહિલાઓને બધી નીતિઓ અને યોજનાઓના કેન્દ્રમાં રાખી છે.

.

# PREZ – MURMU RAJKOT AIIMS

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ ભવિષ્યના તબીબીને આરોગ્ય ક્ષેત્રે ટેકનોલોજીકલ પ્રગતિને સ્વીકારવાની સાથે જ માનવીય સંવેદનાને અકબંધ રાખવા હાકલ કરી છે. આજે AIIMS રાજકોટના પદવીદાન  સમારોહને સંબોધતા રાષ્ટ્રપતિએ ભાર મૂક્યો હતો કે તબીબી ટેકનોલોજી નોંધપાત્ર રીતે પ્રગતિ કરી છે, પરંતુ તબીબી વ્યવસાયનો મુખ્ય ભાગ કરુણા રહેલો છે. તેમણે યુવા વ્યાવસાયિકોને લોકોના વિશ્વાસને જાળવી રાખવા અપીલ કરી.

(બાઇટ- રાષ્ટ્રપતિ)

રાષ્ટ્રપતિએ નોંધ્યું હતું કે તબીબોનું વર્તન અને સંદેશાવ્યવહાર ઉપચાર પ્રક્રિયામાં તેમની ક્લિનિકલ કુશળતા જેટલું જ મહત્વનું છે. સૌરાષ્ટ્રમાં AIIMS રાજકોટની  ભૂમિકાને બિરડાવતા તેમણે ખાસ કરીને સંસ્થાને સ્થાનિક આરોગ્યસંભાળ પડકારોના ઉકેલો શોધવા અનુરોધ કર્યો. જેમાં આદિવાસી સમુદાયોમાં પ્રચલિત સિકલ સેલ એનિમિયાનો સમાવેશ થાય છે. તેમણે કહ્યું કે બધા માટે ગુણવત્તાયુક્ત અને સુલભ આરોગ્યસંભાળ સુનિશ્ચિત કરવા માટે સંશોધન અને વિકાસમાં AIIMS જેવી સંસ્થાઓ મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે.

(બાઇટ- રાષ્ટ્રપતિ)

રાજ્યપાલ આચાર્ય દેવવ્રતે પણ નૈતિક આચરણના મહત્વ પર ભાર મૂકતાં  વિદ્યાર્થીઓને તેમની કારકિર્દી દરમિયાન પ્રામાણિકતાના મૂલ્યોને જાળવી રાખવા અપીલ કરી. આ પ્રસંગે કેન્દ્રીય આરોગ્ય રાજ્યમંત્રી અનુપ્રિયા પટેલ પણ ઉપસ્થિત રહ્યા હતા. સમારંભ દરમિયાન, રાષ્ટ્રપતિએ બે MBBS વિદ્યાર્થીઓને

ગોલ્ડ મેડલ એનાયત કર્યા, સમારોહમાં પચાસ વિદ્યાર્થીઓને ડિગ્રી એનાયત કરવામાં આવી હતી.

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

---------------------------------------------------------------------------

# INTER -MINISTERIAL BRIEFING

સરકાર ઘરેલુ ઉપયોગ માટે LPGનો 100 ટકા પુરવઠો સુનિશ્ચિત કરી રહી છે અને દેશમાં કોઈપણ LPG વિતરક પાસે ઘરેલું ગેસની અછતના કોઈ અહેવાલ નથી. પેટ્રોલિયમ અને કુદરતી ગેસ મંત્રાલયના સંયુક્ત સચિવ સુજાતા શર્માએ નવી દિલ્હીમાં આંતર-મંત્રાલય વાર્તામાં જણાવ્યું હતું કે દેશભરમાં ઘરેલુ LPG પુરવઠો સામાન્ય છે. કોઈપણ ચેડાં અટકાવવા માટે OTP-આધારિત સ્થાનિક LPG વિતરણ સુનિશ્ચિત કરવામાં આવી રહ્યું છે. વાણિજ્યિક LPG પુરવઠો 70 ટકા પર પુનઃસ્થાપિત કરવામાં આવ્યો છે. પશ્ચિમ એશિયા સંકટને કારણે પુરવઠા શ્રૃંખલાના વિક્ષેપોને રોકવા માટે સરકારે પગલાં લીધા છે.

ભારે ઉદ્યોગ મંત્રાલયના અધિક સચિવ ડૉ. હનીફ કુરેશીએ જણાવ્યું હતું કે સરકારે પીએમ ઈ-ડ્રાઈવ યોજના હેઠળ ઇલેક્ટ્રિક થ્રી-વ્હીલર પર સબસિડી બે વર્ષ માટે વધારીને માર્ચ 2028 સુધી કરી છે.

બંદરો, શિપિંગ અને જળમાર્ગ મંત્રાલયના અધિક સચિવ મુકેશ મંગલે જણાવ્યું હતું કે પર્સિયન ખાડી ક્ષેત્રમાં તમામ ભારતીય નાવિકો સુરક્ષિત છે. છેલ્લા 24 કલાકમાં ભારતીય ધ્વજવાળા જહાજો સાથે કોઈ ઘટના બની નથી. ભારતીય ધ્વજવાળું જહાજ જગ વિક્રમ 20 હજાર 400 મેટ્રિક ટન LPG અને 24 ખલાસીઓને લઈને, આવતીકાલે કંડલા બંદરે પહોંચવાની અપેક્ષા છે.

# Asha Bhosle bids farewell

મહાન ગાયિકા આશા ભોંસલેના આજે મુંબઈના શિવાજી પાર્ક સ્મશાનગૃહ ખાતે ભાવપૂર્વક અંતિમ સંસ્કાર કરવામાં આવ્યા. જેમાં હજારો લોકોએ તેમને અંતિમ શ્રદ્ધાંજલિ આપી હતી. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ મોકલેલી ફૂલોનો માળાને મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસે પ્રિય આશા તાઈના પાર્થિવદેહને અર્પણ કરી હતી. નાયબ મુખ્યમંત્રી સુનેત્રા પવાર અને એકનાથ શિંદે, મહારાષ્ટ્રના કેબિનેટ મંત્રીઓ, મુંબઈના મેયર રીતુ તાવડે, મનસેના વડા રાજ ઠાકરે અને અન્ય લોકોએ પણ શ્રદ્ધાંજલિ આપી હતી. હરિહરન, શાન, અભિનેતા આમિર ખાન, વિકી કૌશલ અને પદ્મિની કોલ્હાપુરે સહિત ફિલ્મ જગતના દિગ્ગજોએ દિવંગત આત્માને શ્રદ્ધાંજલિ આપી હતી. તેમના પાર્થિવ શરીર પર લપેટાયેલો ત્રિરંગો આશા ભોંસલેના પુત્ર આનંદ ભોંસલેને સંપૂર્ણ સન્માન સાથે સોંપવામાં આવ્યો હતો, ત્યારબાદ બંદૂકની સલામી આપવામાં આવી હતી. ત્યારબાદ આનંદ ભોંસલેએ મંગેશકર પરિવારના સભ્યો અને હજારો ચાહકોની હાજરીમાં ચિતાને અગ્નિદાહ આપ્યો હતો.

# ACCIDENT -MAHARASHTRA -GUJARAT

ગુજરાત અને મહારાષ્ટ્રમાં થયેલા બે જુદા જુદા માર્ગ અકસ્માતમાં કુલ 18 લોકોના મોત થયા છે.

મહારાષ્ટ્રના થાણે જિલ્લામાં આજે એક વાન, સિમેન્ટ મિક્સર સાથે અથડાતા અગિયાર લોકોના મોત થયા છે. સૂત્રોના જણાવ્યા અનુસાર, મુરબાડના ગોવિલી ગામમાં રાયતા બ્રિજ પર સવારે બંને વાહનો સામસામે અથડાતાં વાનમાં સવાર અગિયાર લોકોના મોત થયા હતા, જ્યારે એક વ્યક્તિ ગંભીર રીતે ઘાયલ થયો હતો.

બીજી તરફ ગુજરાતનાં સુરેન્દ્રનગર જીલ્લામાં લખતર રોડ પર માલધારી સમાજના પદયાત્રીઓના સંઘને એક ટ્રકચાલકે અડફેટે લેતા છ યાત્રાળુ અને અન્ય એક વ્યક્તિ સહિત સાત લોકોના મોત થયા હતા.

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ, ઉપરાષ્ટ્રપતિ સી.પી. રાધાકૃષ્ણન અને પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આ બંને દુ:ખદ અકસ્માતો પર ઊંડી સંવેદના વ્યક્ત કરી છે. સોશિયલ મીડિયા પર એક સંદેશમાં, તેમણે ઘાયલોને ઝડપથી સ્વસ્થ થવાની કામના કરી છે.

# WEST BENGAL – TAMILNADU PRACHAR

પશ્ચિમ બંગાળ અને તમિલનાડુમાં વિધાનસભા ચૂંટણી માટે પ્રચાર તેજ બન્યો છે. પશ્ચિમ બંગાળમાં, વિવિધ પક્ષોના સ્ટાર પ્રચારકો સભાઓ, રેલીઓ અને જાહેર સભાઓ કરી રહ્યા છે. ભાજપના વરિષ્ઠ નેતા અને પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે નમો એપ દ્વારા "મેરા બૂથ સબસે મજબૂત" સંવાદ હેઠળ તમિલનાડુના પક્ષના કાર્યકરો સાથે વાતચીત કરી. વાતચીત દરમિયાન, શ્રી મોદીએ કહ્યું કે તમિલનાડુના લોકોમાં એક નવું વાતાવરણ ઉભરી રહ્યું છે, અને તેઓ રાજ્યમાં પરિવર્તનની આશા સાથે ભાજપ અને એનડીએ તરફ જોઈ રહ્યા છે.

ભાજપના વરિષ્ઠ નેતા અને કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે આજે બીરભૂમમાં પાર્ટીના ઉમેદવારોના સમર્થનમાં એક જાહેર સભાને સંબોધિત કરી. તેમણે તૃણમૂલ કોંગ્રેસના કુશાસનની આકરી ટીકા કરી. શ્રી શાહે કહ્યું કે શાસક પક્ષના નેતાઓ ભ્રષ્ટ છે અને અસંખ્ય કૌભાંડોમાં સંડોવાયેલા છે.

બીજી તરફ, ટીએમસીના વડા અને મુખ્યમંત્રી મમતા બેનર્જીએ સુરી (બીરભૂમ) માં એક જાહેર સભાને સંબોધિત કરી. તેમણે આરોપ લગાવ્યો કે ભાજપ બંગાળનો ઇતિહાસ બદલવાનો પ્રયાસ કરી રહી છે. સીપીઆઈ(એમ) અને કોંગ્રેસના ઉમેદવારો પણ જાહેર સભાઓ અને ઘરે ઘરે પ્રચારમાં ભાગ લઈ રહ્યા છે.

# SUPREME COURT - WEST BENGAL - VOTER LIST

પશ્ચિમ બંગાળમાં ખાસ મતદાન યાદી સુધારણા અભિયાન દરમિયાન મતદાર યાદીમાંથી નામો કાઢી નાખવાને પડકારતી અરજીને સર્વોચ્ચ અદાલતે સમયપૂર્વેની ગણાવીને આજે ફગાવી દીધી છે. ન્યાયમૂર્તિ સૂર્યકાંત અને ન્યાયમૂર્તિ જોયમલ્યા બાગચીની આગેવાની હેઠળની ખંડપીઠે અરજદારોને આવી ફરિયાદોની સુનાવણી માટે રચાયેલા નિયુક્ત અપીલ ટ્રિબ્યુનલનો સંપર્ક કરવાનો નિર્દેશ આપ્યો હતો.

અદાલતે નોંધ્યું હતું કે આશરે 30 થી 34 લાખ અપીલો પડતર છે, દરેક ટ્રિબ્યુનલ 1 લાખથી વધુ કેસોની સુનાવણી કરે છે. અદાલતે ભાર મૂક્યો હતો કે યોગ્ય પ્રક્રિયાનું પાલન કરવું આવશ્યક છે. ખંડપીઠે એમ પણ કહ્યું હતું કે આ તબક્કે ન્યાયિક હસ્તક્ષેપ ચૂંટણી પ્રક્રિયાને વિક્ષેપિત કરી શકે છે. અદાલતે જણાવ્યું હતું કે મતદાનનો અધિકાર બંધારણીય છે અને લોકશાહી ભાગીદારી માટે મહત્વપૂર્ણ છે, પરંતુ જ્યાં સુધી મોટા પાયે મતદારોના મતદાનમાં ગેરહાજરીથી પ્રક્રિયા ગંભીર રીતે પ્રભાવિત ન થાય ત્યાં સુધી ચૂંટણીઓ રોકી શકાતી નથી.

દરમિયાન, કોલકાતા વડીઅદાલતની દેખરેખ હેઠળ રચાયેલી 19 ટ્રિબ્યુનલે અપીલોની સુનાવણી શરૂ કરી દીધી છે.

# IPL

આઈપીએલ ક્રિકેટમાં, રાજસ્થાન રોયલ્સે હૈદરાબાદના રાજીવ ગાંધી ઇન્ટરનેશનલ સ્ટેડિયમ ખાતે સનરાઇઝર્સ હૈદરાબાદ સામે ટોસ જીતીને બોલિંગ કરવાનો નિર્ણય લીધો.

છેલ્લા મળતા અહેવાલ પ્રમાણે સનરાઇઝ હૈદરાબાદે 5 ઓવરમાં 01 વિકેટે 40 રન કર્યા છે.

# WEST ASIA-HORMUZ

બ્રિટનના પ્રધાનમંત્રી  કીર સ્ટાર્મરે હોર્મુઝ સ્ટ્રેટ પર અમેરિકાની આગેવાની હેઠળના નાકાબંધીમાં બ્રિટનને જોડાવાના કોઈપણ સૂચનને સ્પષ્ટપણે નકારી કાઢ્યું છે. તેમણે પુનરોચ્ચાર કર્યો કે લંડન ઈરાન સાથે કોઈપણ સંઘર્ષમાં નહીં પડે. શ્રી સ્ટાર્મરે લશ્કરી તણાવ વધાર્યા વિના મહત્વપૂર્ણ દરિયાઈ માર્ગ ખુલ્લા રાખવાની બ્રિટનની પ્રતિબદ્ધતા પર ભાર મૂક્યો.

શ્રી સ્ટાર્મરે જણાવ્યું હતું કે ઈરાન અને અમેરિકા વચ્ચે તણાવ ઓછો થયા પછી બ્રિટન હોર્મુઝ સ્ટ્રેટને ખુલ્લું રાખવાના માર્ગો પર તેના સાથી દેશો સાથે ચર્ચા કરવાનું ચાલુ રાખ્યું છે.

દરમિયાન, ઓસ્ટ્રેલિયાના પ્રધાનમંત્રી એન્થોની અલ્બેનીઝે ખુલ્લા નેવિગેશન માટેના તેમના આહ્વાનને પુનરાવર્તિત કર્યું.